### મિત્રનો મોબાઈલ પરત માંગવાની બાબતને લઈ યુવકને ફટકાર્યો, પોલીસ દ્વારા હુમલાખોરોની શોધખોળ

# સનફાર્મા રોડ પરથી યુવકનું કારમાં અપહરણ, ઢોર માર માર્યા બાદ નગ્ન વિડીયો પણ બનાવ્યો

**મોબાઇલ અને રોકડ લૂંટ, પોલીસ કેસ કે તારા માતા પિતાને જાણ કરીશ તો જાનથી મારી નાખીશુ તેવી ધમકી પણ આપી**

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરાના સનફાર્મા રોડ વિસ્તારમાં મિત્રનો મોબાઈલ ફોન પરત માંગવાની બાબતને લઈ યુવકનું કારમાં છ શખ્સો દ્વારા અપહરણ કરાયું હતું. ત્યારબાદ યુવકને ઢોર માર મારી નિર્વસ્ત્ર કરીને નગ્ન વીડિયો ઉતાર્યો હતો. છ શખ્સોએ યુવક પાસેથી મોબાઈલ ફોન અને રોકડ રકમ લૂંટી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી યુવકે અટલાદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

સનફાર્મા રોડ વિસ્તારમાં આવેલા પાર્વતીનગર રહેતા 20 વર્ષીય હેતરાજસિંહ બારીયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, લગભગ દસ મહિના પહેલા તેના મિત્ર શિવાંશ શુકલાનો મોબાઈલ ફોન નીલ સહાનીએ દાદાગીરી કરીને લઈ લીધો હતો. બાદમાં હેતરાજસિંહે ઈન્સ્ટાગ્રામ મારફતે નીલ સહાનીનો સંપર્ક કરી ફોન પરત આપવા જણાવ્યું હતું. તે દરમિયાન પ્રતિકસિંહ રાજપુતે ફોન પર ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ 7 જાન્યુઆરી 2025ની મધરાત્રિએ હેતરાજસિંહ પોતાના મિત્રના ઘરે જતો હતો ત્યારે વિનાયક હાઉસિંગ નજીક આકાશ થાપા અને મિશ્રા નામના શખ્સોએ તેને રોકી ઝઘડો કર્યો હતો. ત્યારબાદ બળજબરીપૂર્વક સ્કૂટર પર બેસાડી સનફાર્મા રોડ રિંગ રોડ પાસે ભારત પેટ્રોલ પંપ નજીક લઈ જવામાં આવ્યો હતો, જ્યાં નીલ સહાની, પ્રતિકસિંહ, મનોજ યાદવ અને તરુણ યાદવ હાજર હતા. પ્રતિકસિંહે કારમાંથી લાકડાનો દંડો કાઢી હુમલો કર્યો હતો અને બાદમાં યુવકને કારમાં બેસાડી બિલ કેનાલ રોડ પાસે લઈ જઈ માર મારવામાં આવ્યો હતો.

**ભીમતળાવ ચોકડી પાસે યુવકને ઉતારી ગેંગ ફરાર**

આરોપીઓએ યુવકને પોતાની સાથે લઈ જઈ ભીમતળાવ ચોકડી પાસે ઉતારી દીધો હતો. ત્યારબાદ પોલીસ ફરિયાદ કરશે અથવા સમગ્ર ઘટનાની જાણ માતા-પિતાને કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપીઓની ધમકી અને ભયના કારણે યુવક ગભરાઈ ગયો હતો અને તરત પોલીસ ફરિયાદ નોંધાવી શક્યો ન હતો. જોકે બાદમાં હિંમત એકઠી કરી યુવકે સમગ્ર ઘટનાની જાણ પરિવારજનોને કરી હતી.

એટલું જ નહીં, યુવકના કપડા ઉતારી તેનો નગ્ન વીડિયો પણ બનાવાયો હતો. આરોપીઓએ યુવકનો મોબાઈલ અને પાકીટમાંથી રૂ.2 હજારની રોકડ રકમ પણ લૂંટી લીધી હોવાનો આક્ષેપ છે. યુવક સાથે બનેલી ઘટના ની પરિવારને જાણ થતા માતા સાથે પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવી હતી.

### વડોદરાના વિદ્યાર્થીઓ જ પ્રવેશથી વંચિત,મર્યાદિત સીટો સામે આક્રોશ

# લો ફેકલ્ટીમાં સીટ વધારાને લઈ NSUIનો ઉગ્ર વિરોધ, ડીનના ટેબલ પર નોટો મૂકી



( પ્રતિનિધિ ) વડોદરા,તા.26

વિશ્વવિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની લો ફેકલ્ટી ખાતે એનએસયુઆઈના કાર્યકરો અને વિદ્યાર્થીઓએ સીટ વધારાની માંગ સાથે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિરોધ દરમિયાન વિદ્યાર્થીઓએ ડીનની કેબિનમાં પહોંચી નોટોની વર્ષા કરી યુનિવર્સિટી તંત્ર સામે અનોખી રીતે રોષ વ્યક્ત કર્યો હતો.

છેલ્લા ઘણા વર્ષોથી લો ફેકલ્ટીમાં વડોદરાના સ્થાનિક વિદ્યાર્થીઓને એડમિશન મેળવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. કુલ સીટોની સંખ્યા મર્યાદિત હોવાના કારણે મેરિટ ધરાવતા હોવા છતાં અનેક લાયક વિદ્યાર્થીઓને પ્રવેશથી વંચિત રહેવું પડે છે. દર વર્ષે અરજીઓની સંખ્યા વધી રહી છે, પરંતુ સીટોનો આંકડો વર્ષોથી એ જ રહેતા વિદ્યાર્થીઓમાં ભારે નારાજગી પ્રવર્તે છે. આ મુદ્દે વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈએ મોરચો માંડ્યો હતો. મોટી સંખ્યામાં એકત્ર થયેલા કાર્યકરોએ લો ફેકલ્ટી ખાતે સૂત્રોચ્ચાર કરી યુનિવર્સિટી તંત્રની નીતિ સામે આકરા પ્રહારો કર્યા હતા. વિરોધ પ્રદર્શન વધુ ઉગ્ર બનતા કેટલાક વિદ્યાર્થીઓ ડીનની કેબિનમાં ઘૂસી ગયા હતા અને ટેબલ પર નોટો ફેંકી સીટો ખરીદી લો એવા નારા લગાવી વિરોધ નોંધાવ્યો હતો. એનએસયુઆઈ વડોદરા શહેરના પ્રમુખ અમર વાઘેલાએ આક્રમક નિવેદન આપતા જણાવ્યું હતું કે, વડોદરાની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીમાં જ વડોદરાના વિદ્યાર્થીઓને એડમિશન ન મળે એ શરમજનક છે. વર્ષોથી અમે સીટો વધારવાની માંગ કરી રહ્યા છીએ, પણ તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. આજે અમે પ્રતીકાત્મક વિરોધ કર્યો છે. જો તાત્કાલિક ધોરણે સીટોની સંખ્યામાં વધારો કરી સ્થાનિક વિદ્યાર્થીઓને પ્રાથમિકતા આપવામાં નહીં આવે તો આગામી સમયમાં એનએસયુઆઈ દ્વારા કોલેજ કેમ્પસથી લઈને યુનિવર્સિટી હેડ ઓફિસ સુધી ઉગ્ર આંદોલન કરવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી યુનિવર્સિટી તંત્રની રહેશે.

### ઈજાગ્રસ્તને લોહી લુહાણ હાલતમાં સારવાર માટે ખસેડાયો

# તાંદલજામાં બે જૂથ વચ્ચે હિંસક અથડામણ, યુવક પર હુમલો



( પ્રતિનિધિ ) વડોદરા,તા.26

વડોદરા શહેરના તાંદલિયા વિસ્તારમાં એક જ પક્ષ સાથે સંકળાયેલા બે જૂથો વચ્ચે થયેલી અથડામણમા બોલાચાલી બાદ મામલો ઉગ્ર બનતા બંને પક્ષ વચ્ચે જાહેરમાં મારામારી થઈ હતી. ઘટનામાં એક યુવક પર કોઈ હથિયાર વડે જીવલેણ હૂમલો કરાતા તે લોહીલુહાણ થઇ ગયો હતો. જેના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર માટે વડોદરાની એસએસજી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. પ્રાથમિક તપાસમાં જૂની અદાવત અથવા આંતરિક વિવાદને લઈને અથડામણ થઈ હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

હાલ પોલીસ સમગ્ર મામલે વધુ તપાસ કરી રહી છે તેમજ વાયરલ વીડિયોના આધારે સંડોવાયેલા લોકોની ઓળખ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

## ડભોઈ રોડથી ગાજરાવાડી રોડ સુધી ડ્રેનેજ લાઈનની કામગીરી મંજૂર

(પ્રતિનિધિ), વડોદરા. તા.26

વડોદરા મહાનગરપાલિકા દ્વારા નાગરિકોની સુવિધા અને આગામી ચોમાસા દરમિયાન શહેરમાં પાણી ભરાવાની સમસ્યાના કાયમી નિકાલ માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને મોટો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત શહેરના દક્ષિણ ઝોનમાં આવેલા વોર્ડ નંબર-16માં ડભોઈ રોડથી ગાજરાવાડી RCC રોડને જોડતા 36.0 મીટરના મુખ્ય રસ્તા પર નવી વરસાદી ગટર લાઈન નાખવાની આશરે રૂ. 4.92 કરોડના અંદાજિત ખર્ચની કામગીરીને સત્તાવાર રીતે મંજૂરી આપી દેવામાં આવી છે.દર વર્ષે સર્જાતી હતી પૂર જેવી સ્થિતિ. હજારો લોકો થતા હતા પરેશાન. વોર્ડ નંબર-16ના આ ચોક્કસ વિસ્તાર જેવા કે ઋષિપાર્ક, સાંઈનાથ નગર, ગણેશનગર, શાંતીનગર, શક્તિનગર, દુધિયા તળાવ વિસ્તાર અને શ્રીનગર જેવી અનેક મોટી રહેણાંક સોસાયટીઓ આવેલી છે.

### અકોટા મામલતદાર કચેરીમાં 'સાહેબો'ની મનમાની

# સમય પહેલાં જ બારીઓ બંધ, સવાલ પૂછતાં અરજદારો પર ભભૂક્યા બાબુઓ

**જસપાલ નામના** કર્મચારીની દાદાગીરી સામે ઉઠ્યા સવાલો



( પ્રતિનિધિ ) વડોદરા,તા.26

વડોદરાની અકોટા મામલતદાર કચેરી ફરી એકવાર વિવાદના કેન્દ્રમાં આવી છે. સરકારી નિયમો અને પ્રજાના સેવક હોવાના દાવાઓ વચ્ચે આ કચેરીના અણઘડ વહીવટ અને કર્મચારીઓની મનસ્વી નીતિને કારણે સ્થાનિક પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે. કચેરીમાં ચાલતી લાલિયાવાડી અને અરજદારો સાથે થતા દુર્વ્યવહારને પગલે મુલાકાતીઓમાં વહીવટી તંત્ર સામે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. સ્થાનિક નાગરિકો અને કચેરીએ આવતા અરજદારોના ગંભીર આક્ષેપો મુજબ, અકોટા મામલતદાર કચેરીનો સત્તાવાર સમય સવારે 10:00 વાગ્યાથી સાંજના 5:00 વાગ્યા સુધીનો નિયત કરવામાં આવ્યો છે. આમ છતાં, કચેરીના કેટલાક બેજવાબદાર કર્મચારીઓ બપોરે 2:00 વાગ્યા પછી જ પોતાની મનમાની ચલાવીને કામકાજ સદંતર બંધ કરી દે છે. દૂર-દૂરથી ભાડું ખર્ચીને પોતાના સરકારી દસ્તાવેજોના કામ અર્થે આવતા ગરીબ અને મધ્યમ વર્ગના અરજદારોને સમય હોવા છતાં ધક્કા ખાવા પડે છે. કચેરીમાં પોતાના હકના પ્રશ્નો પૂછનારા કે વિલંબનું કારણ જાણવા માંગતા નાગરિકોને કોઈ યોગ્ય કે સંતોષકારક જવાબ આપવામાં આવતો નથી. એટલું જ નહીં, જો કોઈ અરજદાર વધુ પૃચ્છા કરે તો કચેરીના કર્મચારીઓ દ્વારા તેમની સાથે ગેરવર્તન, અસભ્ય વ્યવહાર અને ખુલ્લેઆમ દાદા ગીરી કરવામાં આવતી હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. વિશેષ કરીને કચેરીના 'જસપાલ' નામના એક કર્મચારી સામે લોકોમાં સખત નારાજગી અને રોષ જોવા મળી રહ્યો છે. અરજદારોનું કહેવું છે કે, જાહેર જનતાના પરસેવાના ટેક્સના પૈસામાંથી મસમોટો પગાર મેળવતા આ સરકારી બાબુઓ પોતાને પ્રજાના સેવક નહીં પણ માલિક સમજી બેઠા છે. સામાન્ય જનતા સાથે થતા અશોભનિય વર્તનને કારણે કચેરીની છબી ખરડાઈ છે. હવે મોટો સવાલ એ ઊભો થાય છે કે ઉચ્ચ વહીવટી તંત્ર આ આક્ષેપોની ગંભીરતા નોંધીને બેજવાબદાર કર્મચારીઓ સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી કરશે કે પછી આંખ આડા કાન કરીને ભીનું સંકેલી લેવામાં આવશે? તે જોવુ રહ્યું.

### રૂ.9.90 લાખની ચોરી : પાડોશીએ મકાનમાલિકને જાણ કરી

# તરસાલીનો પરિવાર મહારાષ્ટ્ર ગયો અને તસ્કરો ત્રાટક્યા



( પ્રતિનિધિ ) વડોદરા,તા.26

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં આવેલા મનોકામના સોસાયટીમાં પરિવાર સામાજિક પ્રસંગે મહારાષ્ટ્ર ગયો હોય તે દરમિયાન અજાણ્યા તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

તરસાલી વિસ્તારમાં આવેલી મનોકામના સોસાયટીમાં દિનેશભાઈ પરશુરામ સિરસાટ (ઉ.વ.59) પરિવાર સાથે રહે છે અને સુસેન ચાર રસ્તા પાસે આવેલી ખાનગી કંપનીમાં મશીન ઓપરેટર તરીકે નોકરી કરે છે. તેઓ તા.23 મેના રોજ પરિવાર સાથે મહારાષ્ટ્રના શિડપુર ખાતે સામાજિક કાર્યક્રમમાં હાજરી આપવા માટે ગયા હતા. આ દરમિયાન તા.25 મેની વહેલી સવારે તેમના પડોશીએ દિનેશભાઈના પુત્ર આકાશને ફોન કરી ઘરના ઉપર અને નીચેના બારણા ખુલ્લાં હોવાનું જણાવ્યું હતું. જાણ થતા પરિવાર તાત્કાલિક વડોદરા પરત ફર્યો હતો. ઘરે પહોંચતા ગ્રાઉન્ડ ફ્લોર તેમજ પહેલા માળના દરવાજા અને લોખંડની જાળીનાં તાળા તૂટેલા હાલતમાં જોવા મળ્યા હતા. ઘરમાં પ્રવેશતા કબાટ અને તિજોરીનો સામાન વેરવિખેર હાલતમાં પડેલો હતો. તપાસ કરતા તિજોરીમાંથી આશરે 170 ગ્રામ સોનાના દાગીના, 800 ગ્રામ જેટલા ચાંદીના દાગીના તેમજ રૂ.2 લાખની રોકડ રકમ મળી કુલ રૂ.9.90 લાખની મત્તા ગાયબ હોવાનું બહાર આવ્યું હતું. ચોરી ગયેલા સામાનમાં રાણીહાર, મંગળસૂત્ર, વીંટીઓ, સોનાના બિસ્કિટ, કાનની બુટ્ટી, ચાંદીના પાયલ અને બેલા સહિતના કિંમતી દાગીનાનો સમાવેશ થાય છે.

### ચોખા, ચણા અને ઘઉંનો જથ્થો ભરેલો પિકઅપ ટેમ્પો ઝડપાયો

# વાઘોડિયાના મનમોહન પાર્કના સસ્તા અનાજની દુકાનની ગેરરીતિ ઝડપાઈ

**સંચાલક** દર્શનકુમાર જયસ્વાલ સામે આક્ષેપ, તપાસમાં મોટા નેટવર્કનો પર્દાફાશ થવાની સંભાવના

(પ્રતિનિધિ), વડોદરા. તા.26

વાઘોડિયા નગરમાં ગરીબો અને મધ્યમ વર્ગ માટે આવતા સરકારી અનાજના કાળાબજારનો એક ચોંકાવનારો અને ગંભીર મામલો સામે આવ્યો છે. સરકારની જાહેર વિતરણ પ્રણાલી હેઠળ ગરીબોને વહેંચવા માટે અપાતું અનાજ ગેરકાયદેસર રીતે ખાનગી વેપારીઓને ઊંચા દામે વેચાતું હોવાની પાકી માહિતી મળતા વહીવટી તંત્ર અને પોલીસ એક્શનમાં આવ્યું હતું. તંત્ર દ્વારા સસ્તા અનાજની દુકાન પર સંયુક્ત દરોડા પાડીને કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. મળતી વિગતો મુજબ, વાઘોડિયાની મનમોહન પાર્ક સોસાયટીમાં આવેલી "પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર" નામની સસ્તા અનાજની દુકાન પરથી સરકારી અનાજની ગેરરીતિપૂર્વક હેરાફેરી થઈ રહી હોવાની ગંધ સ્થાનિક લોકોને આવી ગઈ હતી. દુકાન સંચાલક દર્શનકુમાર જયસ્વાલ દ્વારા અનાજનો જથ્થો સગેવગે કરવા માટે એક પિકઅપ ટેમ્પો નંબર :- GJ 06 AT 5929 મંગાવવામાં આવ્યો હતો. આ વાહનમાં ઘઉં, ચોખા અને ચણા સહિતનો જથ્થો ભરીને બહાર કાળાબજારમાં મોકલવાની તૈયારી ચાલી રહી હતી. આ શંકાસ્પદ હિલચાલ જોઈને સ્થાનિક જાગૃત નાગરિકોએ તાત્કાલિક મામલતદાર કચેરી અને પોલીસ પ્રશાસનને ફોન દ્વારા જાણ કરી હતી. બાતમી મળતાની સાથે જ મામલતદાર અને પોલીસની સંયુક્ત ટીમે ઘટનાસ્થળે ધસી જઈને રેડ પાડી હતી. તંત્રના અચાનક ત્રાટકવાથી કાળાબજારીયાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. તપાસ દરમિયાન ટીમે ટેમ્પોની તલાશી લેતા તેમાંથી અંદાજે 142 કિલો ચોખા અને 9 કિલો ચણાનો જથ્થો મળી આવ્યો હતો. આ ઉપરાંત મોટી માત્રામાં સરકારી ઘઉંનો જથ્થો પણ લોડ થયેલો જોવા મળ્યો હતો. વહીવટી તંત્રએ ધોરણસરની કાર્યવાહી કરીને અનાજનો તમામ જથ્થો અને પિકઅપ ટેમ્પો બંને કબ્જે લીધા હતા. આગળની કાયદેસરની તપાસ અને કાર્યવાહી માટે આ જપ્ત કરાયેલો માલ ગોડાઉન મેનેજરને સોંપી દેવામાં આવ્યો છે.

### જૂની અદાવતમાં હુમલો : બંને પક્ષના લોકો ઈજાગ્રસ્ત

# મદનઝાંપા રોડ પર બે જૂથ વચ્ચે હિંસક મારામારી

(પ્રતિનિધિ), વડોદરા. તા.26

વડોદરા શહેરની મધ્યમાં આવેલા ન્યાય મંદિર નજીક મદનઝાંપા રોડ વિસ્તારમાં જૂની અદાવતને લઈને એક જ કોમના બે જૂથ આમને-સામને આવી જતા હિંસક મારામારી થઈ હતી.આ ઘટનામાં લાકડાના દંડાથી હુમલો થતાં બંને પક્ષના કેટલાક લોકોને ઈજાઓ પહોંચી હતી. બનાવ બાદ બંને પક્ષોએ નવાપુરા પોલીસ સ્ટેશનમાં સામસામે ફરિયાદ નોંધાવતા પોલીસે 5 સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ન્યાય મંદિર પાસે આવેલા દુધવાલા મહોલ્લા ખાતે રહેતા પ્લમ્બિંગની દુકાન ચલાવતા તાહીરહુસૈન મોહમ્મદહુસૈન ગાદીવાલા તેમના મિત્રો સાથે ગાંધી ઝેરોક્ષ પાસે રજવાડી ચાની દુકાન નજીક ઉભા હતા. ત્યારે સમીર સોયેબ ઈલાયચીવાલા અને સોયેબ ઈસ્માઈલ ઈલાયચીવાલા ઓટો રિક્ષા લઈને ત્યાં આવ્યા હતા. જૂની અદાવતના કારણે બંને પક્ષો વચ્ચે બોલાચાલી બાદ ઝપાઝપી થઈ હતી. આ દરમિયાન લાકડાના દંડાથી હુમલો થતાં તાહીરહુસૈનના હાથમાં ઈજા પહોંચી હતી, જ્યારે નુહ ઈમ્તિયાઝ છેલાવાલા નામના કિશોરને માથાના ભાગે ઈજા પહોંચી હતી. બીજી તરફ સમીર સોયેબ ઈલાયચીવાલાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ તેમના પિતા સાથે ભગતસિંહ ચોક નજીક ચા પીવા ગયા હતા. ત્યારે સામે પક્ષના લોકો ત્યાં આવી ગાળાગાળી કરી મારામારી શરૂ કરી હતી. અયાઝ નસુકવાલાએ લાકડાના દંડાથી હુમલો કરતાં સમીરના માથાના પાછળના ભાગે ઈજા પહોંચી હતી. તમામને સારવાર માટે SSG હોસ્પિટલ ખસેડાયા હતા. બંને પક્ષોની ફરિયાદના આધારે તાહિર હુસેન ગાદીવાલા, મહંમદ ફારુક ગાદીવાલા, અયાજ નસુકવાલા, સમીર અને સોયબ ઈલાયચીવાલા વિરુદ્ધ તપાસ શરૂ કરી છે.

### વડોદરામાં 'નિતિન ઝા કાંડ'નું પુનરાવર્તન થતાં અટક્યું

# હેવમોર સર્કલ પાસે કાર પલટી, 12 શ્રમિકોનો આબાદ બચાવ

**અકસ્માત** બાદ પુરાવા છુપાવવા ગરીબ મજૂરો પર દબાણનો પ્રયાસ



વડોદરાઃ શહેરમાં મોડી રાત્રે બેફામ ઝડપે દોડતી કારના કારણે વધુ એક મોટો અકસ્માત સર્જાયો છે. દિવાળીપુરા કોર્ટ નજીક આવેલા હેવમોર સર્કલ પાસે એમજીવીસીએલ હાઈટેક લેબોરેટરીની સામે એક વર્ના કાર પલટી ખાઈ ગઈ હતી. આ ઘટનામાં વડોદરામાં દિવાળીની રાત્રે દારૂના નશામાં ધૂત થઈને અકસ્માત સર્જનાર નિતિન ઝા જેવા જ ભયાનક કાંડનું પુનરાવર્તન થતાં થતાં રહી ગયું હતું અને ફૂટપાથ નજીક ઝૂંપડા બાંધીને સૂતેલા નિર્દોષ શ્રમિક પરિવારોના જીવ આબાદ બચ્યા હતા.

મળતી માહિતી મુજબ, રાત્રિના અંદાજે સાડા ત્રણ વાગ્યાની આસપાસ ગોત્રી વિસ્તારના બે યુવકો વર્ના કાર લઈને પ્રિયા ટોકીઝ વાળા રસ્તાથી રેલવે સ્ટેશન તરફ જમવા માટે જઈ રહ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, કારની ગતિ 100થી વધુની સ્પીડમાં હતી અને તેને રસ્તા પર ઝીગઝેગ રીતે હંકારવામાં આવી રહી હતી. ફૂલ સ્પીડના કારણે ચાલકે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો અને કાર સીધી જ રોડની સાઈડમાં ઝૂંપડા તરફ ધસી ગઈ હતી. સ્પીડ એટલી પ્રચંડ હતી કે કાર મજૂરોના આવાસ નજીક જઈને પલટી મારી ગઈ હતી. સદનસીબે ત્યાં રોડના કામકાજનું બોર્ડ મારેલું હોવાથી કાર ઝૂંપડાની અંદર ઘૂસી શકી નહોતી, જેના કારણે ત્યાં સૂતેલા નાના બાળકો સહિત અંદાજે 12 જેટલા શ્રમિકોનો ચમત્કારિક બચાવ થયો હતો. આ અકસ્માતમાં કારમાં સવાર બંને યુવકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

અકસ્માત બાદ ઘટનાસ્થળે હાજર શ્રમિકએ જણાવ્યું કે, અકસ્માત સર્જાયા બાદ કારના માલિકો દ્વારા મજૂરો પર દબાણ લાવવાનો અને ફોટા ન પાડવા માટે ધમકાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ઘટનાને પગલે સ્થાનિક સામાજિક અગ્રણી ભારે રોષ વ્યક્ત કર્યો હતો.

**શાંતિપૂર્ણ ઉકેલ** પ્રેમીએ મહિલા પાસેથી રૂપિયા 7 લાખ પડાવ્યા હતાં : 181ની ટીમે સોનુ પરત આપવાની બાહેધરી પણ અપાવી

# પ્રેમી દ્વારા પ્રેમિકાની હેરાનગતિ,સોનુ પડાવ્યુ




( પ્રતિનિધિ ) વડોદરા,તા.26

વડોદરા શહેરમાં છૂટાછેડા લીધા બાદ પોતાના બે બાળકો સાથે જીવન જીવતી એક મહિલાને તેના જ પ્રેમી દ્વારા સતત હેરાન કરવામા આવતી હતી. પ્રેમી થી કંટાળી ગયેલી પ્રેમિકાએ આખરે 181 મહિલા હેલ્પલાઈનની મદદ લીધી હતી. મહિલાએ આક્ષેપ કર્યો હતો કે પ્રેમ સંબંધ દરમિયાન યુવકે તેની પાસેમાંથી રૂપિયા 7 લાખ તેમજ સોનાના દાગીના લીધા હતા અને બાદમાં તે દાગીના ગીરવે મૂકી દીધા હતા. સંબંધ તૂટ્યા પછી યુવક મહિલાને વારંવાર ફોન અને મેસેજ કરીને માનસિક ત્રાસ આપતો હતો.

વડોદરા શહેરમાં પીડિત મહિલા પોતાના પતિ સાથે છૂટાછેડા લીધા બાદ બે બાળકો સાથે માતા-પિતાના ઘરે રહેતી હતી. આ દરમિયાન એક યુવક સાથે તેની ઓળખાણ થઈ હતી. શરૂઆતમાં યુવક મહિલાને સહારો આપતો હતો, પરંતુ સમય જતા બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. થોડા સમય બાદ યુવકનો સ્વભાવ બદલાતા તેણે મહિલાની વ્યક્તિગત જિંદગીમાં વધુ પડતી દખલગીરી શરૂ કરી દીધી હતી. મહિલાએ 181 ટીમને જણાવ્યું હતું કે યુવક અલગ અલગ મોબાઈલ નંબર પરથી સતત ફોન અને મેસેજ કરીને હેરાન કરતો હતો. મહિલાની દીકરી ઓનલાઈન અભ્યાસ માટે ફોનનો ઉપયોગ કરતી હોવા છતાં યુવક શંકા રાખીને પૂછપરછ કરતો અને ઝઘડા કરતો હતો. મહિલાએ વધુમાં જણાવ્યું હતું કે યુવક પાસે તેના રૂપિયા 7 લાખ તેમજ સોનાના દાગીના હતા, પરંતુ હવે તે પરત આપવા તૈયાર નહોતો. મામલાની ગંભીરતા સમજી 181 મહિલા હેલ્પલાઈનની ટીમ બાપોદ વિસ્તારમાં મહિલાના ઘરે પહોંચી હતી અને સમગ્ર હકીકત જાણી હતી. ત્યારબાદ યુવકને બોલાવી બંને પક્ષનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. ટીમે યુવકને કડક શબ્દોમાં સમજાવ્યું હતું કે મહિલાએ હવે સંબંધ રાખવાની સ્પષ્ટ ના પાડી છે ત્યારે તેની વ્યક્તિગત જિંદગીમાં દખલ કરવી યોગ્ય નથી.

સાથે જ મહિલાને ફોન અને મેસેજ દ્વારા હેરાનગતિ બંધ કરવા તેમજ મહિલાના રૂપિયા અને સોનાના દાગીના પરત આપવા સૂચના આપવામાં આવી હતી. કાઉન્સેલિંગ દરમિયાન યુવકે પોતાની ભૂલ સ્વીકારી હતી અને ભવિષ્યમાં મહિલાને કોઈપણ પ્રકારની હેરાનગતિ નહીં કરે તેવી ખાતરી આપી હતી. ઉપરાંત મહિલાના રૂપિયા અને સોનાના દાગીના પરત આપી દેશે તેવી બાહેધરી પણ આપતા આખો મામલો શાંતિપૂર્ણ રીતે ઉકેલાયો હતો.

## સયાજીગંજ પોલીસે કારમાંથી રૂ.4.33 લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો

વડોદરા : શહેરના પ્રતાપગંજ વિક્રમબાગ પાસે ઊભી બિનવારસી કારમાંથી રૂ.4.33 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો. જોકે ચાલક નહીં મળી આવતા તેને વોન્ટેડ જાહેર કર્યો છે. પોલીસે વિદેશી દારૂ અને કાર સહિત રૂ. 7.33 લાખનો મુદ્દા માલ કબજે કર્યો છે. વડોદરા શહેરની સયાજીગંજ પોલીસ વિસ્તારમાં પેટ્રોલિંગમાં ફરી રહી હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે પ્રતાપગંજ વિક્રમબાગ પાસે ખુલ્લી જગ્યામાં શંકાસ્પદ હાલતમાં કાર ઉભી છે. જેના આધારે પોલીસે સ્થળ પર જઈને કારમાં તપાસ કરતા રૂપિયા 4.33 લાખનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂનો જથ્થો, કાર તથા અન્ય સામાન મળી રૂ.7.33 લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ચાલક નહીં મળી આવતા સયાજીગંજ પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી શોધખોળ શરૂ કરી છે.

### MSUના ઝૂઓલોજી વિભાગના વિદ્યાર્થીઓનો રાષ્ટ્રીય પરીક્ષાઓમાં ડંકો

# મયંક રાઝોરિયાનો GATE-JAMમાં ટોપ રેન્ક, બેંગલુરુમાં પસંદગીની આશા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.26

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ઝૂલોજી ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક વર્ષ 2025-2026 દરમિયાન રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી વિભાગ અને યુનિવર્સિટીનું નામ રોશન કર્યું છે.

દર વર્ષે આ વિભાગના વિદ્યાર્થીઓ આવી સિદ્ધિઓ મેળવી શૈક્ષણિક ગુણવત્તાનો પરચો આપે છે. આ વર્ષે સૌથી તેજસ્વી દેખાવ મયંક રાઝોરિયાએ કર્યો છે. મયંકે GATE XLમાં AIR 31, GATE BTમાં AIR 258 અને JAM BTમાં AIR 42 મેળવી પ્રતિષ્ઠિત સ્થાન હાંસલ કર્યું છે. સાથે જ JGEEBILSની ઈન્ટરવ્યુ શોર્ટલિસ્ટમાં દેશના ટોચના 100 ઉમેદવારોમાં સ્થાન મેળવ્યું છે. મહત્વનું છે કે NIRF મુજબ ભારતની ક્રમાંક 1 અને વૈશ્વિક સ્તરે અગ્રણી સંસ્થા IISc બેંગલુરુમાં MSc માટે મયંકની પસંદગી થવાની પ્રબળ શક્યતા છે. મયંકે જણાવ્યું કે, ઝૂલોજી વિભાગનો અભ્યાસક્રમ અત્યંત આધુનિક છે.

મોલેક્યુલર બાયોલોજી, સેલ બાયોલોજી, કેન્સર બાયોલોજી, ન્યુરોબાયોલોજી, વાઈલ્ડલાઈફ બાયોલોજી, ફિશરીઝ અને ટોક્સિકોલોજી જેવા વિષયો રાષ્ટ્રીય પરીક્ષાઓના સિલેબસ સાથે સુસંગત છે. નિયમિત થિયરી અને પ્રેક્ટિકલ ક્લાસિસે વિષયની સમજ વધારી અને ખાસ કરીને થિયરી ક્લાસીસ સ્પર્ધાત્મક પરીક્ષાના પ્રશ્નો ઉકેલવામાં ખૂબ મદદરૂપ બની. ટીવાયબીએસસીના ઉજ્મા કાચલિયા, વિશાખા રાય, દિવ્યા જાદવ અને પીયુષ મારવાડીએ GATE XL, JAM BT, IIT JAM અને GATE EYમાં સફળતા મેળવી છે. એસવાયબીએસસીના ધ્યેય શાહે GATE EYમાં AIR 22 મેળવ્યો. એમએસસી ફાઈનલના કરણસિંહ જાડેજા અને શ્રેયા કોતસ્થાને GSET પાસ કરી, જ્યારે અનામિકા ચૌહાણે GATE પાસ કરી રાષ્ટ્રીય સ્તરે પ્રતિભા દર્શાવી હતી.

અધ્યાપકોના માર્ગદર્શન અને વિદ્યાર્થીઓની મહેનતથી આ સફળતા મળી છે. ભૂતકાળમાં પણ વિભાગના વિદ્યાર્થીઓ WII, NCCS, NCBS, IISc, IISER, IITs અને NIRRH જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં પ્રવેશ મેળવી ચૂક્યા છે. આ સિદ્ધિઓએ ફરી સાબિત કર્યું છે કે એમએસયુના ઝૂઓલોજી વિભાગના વિદ્યાર્થીઓ દર વર્ષે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે યુનિવર્સિટીને ગૌરવ અપાવી રહ્યા છે.